**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૨૦ ટકા

# આજે ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસની 'હરિયાળી' ઉજવણી કરાશે

## શહેરમાં સવારે પર્યાવરણ જાગૃતિ રેલી, સેમિનાર, સ્નેહમિલન તથા સાંજે વૃક્ષારોપણ, પગરખાં વિતરણ અને કવિ સંમેલન જેવા અનેકવિધ કાર્યક્રમોના આયોજન

ગાંધીનગર, તા.૪

સતત વધતો જતો ગરમીનો પારો નાગરિકોને ત્રાહિમામ પોકારાવી રહ્યો છે અને તે સાથે વૃક્ષોનું મહત્વ સમજાવી રહ્યો છે. સતત કપાતા વૃક્ષો, પર્યાવરણને નુકશાન કરતા વાહનો, સાધનો અને ઉપકરણોનો બેફામ ઉપયોગ, પ્લાસ્ટિકનો અનહદ ઉપયોગ અને તેનો અયોગ્ય નિકાલ તેમજ કુદરતી સંશાધનોનો બેરોકટોક વ્યય આજે પર્યાવરણની ઘોર ખોદી રહ્યો છે ત્યારે તા. ૫મી જુન ગાંધીનગર શહેર 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરશે. શહેરમાં આ નિમિત્તે વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ રેલી, સેમિનાર, સ્વચ્છતા અભિયાન, સ્નેહમિલન તેમજ કવિ સંમેલન જેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

**● પર્યાવરણ જાગૃતિ રેલી અને સેમિનાર**

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી, નિસર્ગ સાયન્સ સેન્ટર તથા પેથાપુર નગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજિત પર્યાવરણ દિવસની ઉજવણીના કાર્યક્રમનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલેથી પર્યાવરણ જાગૃતિ રેલી સાથે થશે. પર્યાવરણ જાગૃતિ રેલી સેકટર-૧૨ના ડૉ. આંબેડકર હોલ પહોંચશે જયાં વૃક્ષારોપણ યોજાશે ત્યારબાદ હોલમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, જીપીસીબીના પ્રાદેશિક અધિકારી ડી.સી. વંકાણી, પૂર્વ પીઆર નરેશ




ઠાકર, મનપાના ચીફ કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ તેમજ નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલના વકતવ્યો યોજાશે.

**● સ્વચ્છતા અભિયાન**

પર્યાવરણને નુકશાન પહોંચાડી રહેલા હવાના પ્રદૂષણને નાથવાની ટીમ 'બીટ એર પોલ્યુશન' આધારિત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ગીર ફાઉન્ડેશન તથા નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સ્વચ્છતા અભિયાન થકી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગીર ફાઉન્ડેશનની કચેરીનો સ્ટાફ તથા નહેરુ યુવા કેન્દ્ર સાથે જોડાયેલ વિવિધ સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સફાઈ કાર્ય હાથ ધરાશે.

**● સ્નેહમિલન કાર્યક્રમ**

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સેકટર-૨૮ના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે પીસપાર્ક હોલમાં સવારે ૭ કલાકે વિશેષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. આ સ્નેહમિલનમાં હિમાચલ પ્રદેશના સિમલાથી આવેલા ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ટ્રુથ કોન્શિયનેસના સંસ્થાપક સહનિર્દેશક તથા પર્યાવરણ વિશેષજ્ઞ સ્વામી ઓમકારાનંદ સરસ્વતી માર્ગદર્શન આપશે. આ સાથે પૂર્વ વન અધિકારી દિનેશભાઈ ચાવડા પર્યાવરણીય ફરજોથી વાકેફ કરશે તેમજ કેન્દ્રના સંચાલિકા બી.કે. કૈલાશદીદી આશીર્ચવન પાઠવશે.

**● વૃક્ષારોપણ તથા પગરખાં વિતરણ**

ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર સોસાયટી દ્વારા સેકટર-૨૭માં એસઆરપીએફ ગ્રાઉન્ડ ખાતે વિશ્વ પર્યાવરણ દિન તથા 'સ્વ. કવીન હરીશ'ને શ્રધ્ધાંજલિના ભાગરૂપે ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરાશે. આ સાથે વૃક્ષારોપણ બાદ જરુરિયાત મંદોને ખીચડી છાશના પ્રસાદ વિતરણ સાથે પગરખાં વિતરણ કરવામાં આવશે.

**● 'વાયરો કરે વાત' કવિ સંમેલન**

ગીર ફાઉન્ડેશન તથા ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગીર ફાઉન્ડેશનના સંવાદ હોલ ખાતે સાંજે ૬.૩૦ કલાકે 'વાયરો કરે વાત' કવિ સંમેલન યોજાશે. શૈલેષ પંડયા 'ભીનાશ'ના સંચાલન હેઠળ દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ', પ્રતાપસિંહ ડાભી 'હાકલ', નવટર હેડાઉ 'વનવિહારી', જિગર ઠકકર તથા ભરત કવિ 'ઉર્મિલ' પર્યાવરણ વિષયક કાવ્યો પ્રસ્તુત કરશે.

# આર.એન. લલિતકલા અકાદમીના સમર કેમ્પનું સમાપન





ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય સંકુલ ખાતે કાર્યરત આર.એન. લલિતકલા એકેડેમી દ્વારા આયોજિત સમરકેમ્પ ૨૦૧૯ના સમાપને શિબિરાર્થીઓ દ્વારા વિવિધ ાસાંસ્કૃતિક રંગારંગ પરફોર્મન્સ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. તા. ૪થી જુન મંગળવારે સવારે ૯ કલાકે સંસ્થાના બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ તેમજ કેન્દ્રના સંચાલિકા દિનાબેન ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા.

સમર કેમ્પ ૨૦૧૯ દરમિયાન તાલીમાર્થીઓને વિવિધ કલાગુરુઓએ તાલીમ આપી હતી જેમાં ભરતનાટયમ માટે શંકુતલાબેન ઓઝા, વેસ્ટર્ન ડાન્સ માટે નિર્મલ, જૈમિની અનો પૂજા, કરાટે માટે સુરેશભાઈ, દર્શનભાઈ, સ્કેટીંગ માટે વસીમ મન્સુરી, ઈંગ્લિશ સ્પોકન સ્કીટ માટે અનિતા વસીતા તથા યોગ માટે જીજ્ઞા છાયા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. સમગ્ર કેમ્પમાં કેજીથી માંડીને કોલેજ સુધીના ૧૦૦ જેટલા તાલીમાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં શ્રેષ્ઠ દેખાવકારો તથા કેમ્પના તાલીમાર્થીઓને સ્મૃતિચિહ્ન તથા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમનું સંચાલન નિર્મલ તથા વૈદેહી ઠાકુર દ્વારા કરાયું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો તથા વાલીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# આજે શહેરમાં રમઝાન ઈદ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

જેમ હિંદુઓમાં દીવાળીનો તહેવાર મહત્વનો છે તેમ મુસ્લિમો ઈદના તહેવારની ઉજવણી ખૂબ જ આનંદ ઉલ્લાસથી કરે છે. આજે ઈદ-ઉલ-ફિત્ર નિમિત્તે દરેક મુસ્લિમ પરિવારો સવારે નવા વસ્ત્રો પહેરી નમાઝ પઢવા જશે અને નાનાથી લઈ મોટા દરેક એકબીજાને મળીને ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરશે. શહેરમાં પણ આજે ઈદની ઉત્સાહપૂર્વક ઉજવણી થશે.

અંવદ પરથી ઈદ શબ્દ આવ્યો છે જેનો અર્થ છે પુનરાવર્તન થવું. ઈદ સાથે એકતા, શાંતિ, સમર્પણ, સમાનતા, ઈબાદત અને ખુદાની મહેરબાનીઓનો શુક્ર અદા કરવાની ભાવના જોડાયેલી છે.

રમઝાન મહિનાના ૨૯ કે ૩૦મા દિવસ પછીનો દિવસ ઉદ-ઉલ-ફિત્ર કહેવાય છે. આજના દિવસે ઉપવાસ કરવો પ્રતિબંધીત છે. ગાંધીનગરમાં ઈદની ઉજવણી નમાઝ વાંચી અને એકબીજાના ઘરે જઈને નગરજનો કરે છે. મસ્જિદમાં સવારે નમાઝ પઢી દરેક એકબીજાના ઘરે જઈ મળે છે. ઘરની સ્ત્રીઓ દ્વારા સેવૈયા બનાવાય છે જે દરેક પરિવારના સભ્યો અને શુભેચ્છકોને પીરસાય છે અને મોં મીઠું કરાવાય છે. આજના દિવસે મોટાઓ દ્વારા બાળકો અને ઘરે આવનાર સંબધીઓને ઈદ ભેટે 'ઈદી' આશીર્વાદ રૂપે આપવામાં આવે છે. ગાંધીનગરમાં પણ કોમી એખલાસના માહોલમાં ઈદ પર્વની ઉજવણી કરવામાં આવે છે. હિંદુ ભાઈઓ પણ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારકની શુભકામના પાઠવે છે.

# સ્ટેટ બેંક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા દ્વારા સાઈકલ રેલી યોજાઈ



ગાંધીનગર, તા.૪

સ્ટેટ બેંક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા ગાંધીનગર દ્વારા વર્લ્ડ બાઈસિકલ ડેની ઉજવણી કરવામાં આવી હતી સંસ્થાના સ્ટાફ અને ટ્રેનિંગ પ્રતિભાગીઓ દ્વારા ઉત્સાહભેર રેલીમાં ભાગ લેવામાં આવ્યો હતો. આ રેલી સે-૧૧ના વિવિધ માર્ગો ફરતે સંદેશા સાથે નીકળી હતી. સહાયક મહાપ્રબંધક મનસુખ પટેલ અને સહાયક મહાપ્રબંધક રમેશ લાલવાણી દ્વારા રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેકટર વિનોદ અમલાણી, ફેકલ્ટી હિતેશ દવે, મનોજકુમાર, સ્કંદકુમાર, રીમા તિવારી, વિનયકુમાર, સંજય વર્મા, સતિષ ઠકકર, અમિત મહેરિયા અને મહેશ રામીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# અડાલજ પાસેથી કારમાંથી પર્સની ઉઠાંતરી કરી ગઠીયા ગાયબ

ગાંધીનગર, તા.૪

સુરતનો પરિવાર લગ્ન સમારંભ પૂર્ણ કરીને પોતાના વતન પાટણ ખાતે ધાર્મિક વિધી માટે જઈ રહ્યો હતો. તે દરમિયાન અડાલજ પાસે ચા પીવા રોકાયેલા પરિવારની કારમાંથી પર્સની ઉઠાંતરી થવા પામી છે. કારમાં બેઠેલા મહિલાને બે ગઠીયા તમારા રૂપીયા પડી ગયા છે તેમ કહીને મહિલા રૂપીયા લેવા નીચે નમતા તે સમયે ગઠીયા પર્સની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયા હતા. મહિલાના પર્સમાં રૂ.૨૫ હજાર રોકડા, રૂ.૧૫ હજારનું સોનાનું પેન્ડલ, ચાંદીની ઝાંઝરી, બે મોબાઈલ મળી કુલ રૂ. ૭૧,૭૦૦ ની મત્તાની ચોરી થઈ છે. પર્સની ઉઠાંતરીની ઘટના બાદ ૨૧ દિવસ બાદ ફરીયાદ નોંધાતા અડાલજ પોલીસે તપાસ શરુ કરી છે.

બનાવની મળતી માહિતી મુજબ સુરતના પાંડસરા ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા યુવક રિન્કલ મહેન્દ્રભાઈ પારેખ (ઉં.વ.-૨૯ વર્ષ) સુરત મહાનગર પાલિકાના આરોગ્ય ખાતામાં હેલ્થ વર્કર છે. ગત તા.૧૩ મે ના રોજ સુરત ખાતે તેના લગ્ન હતા. લગ્ન બાદ તે તેની પત્ની પાયલ, માતા-પિતા અને ફોઈ સાથે મામાની દિકરાની ગાડીમાં સુરતથી પાટણ જવા માટે નીકળ્યા હતા. તા.૧૪ મે ના રોજ સવારે સાડા છ વાગ્યાના અરસામાં તે અડાલજ ખાતે મા દુર્ગા નામની હોટલ ખાતે ચા-પાણી માટે ઉભા રહ્યા હતા. યુવક તેના પિતા અને ભાઈ ત્રણેય નીચે ઉતર્યા હતા. જયારે પત્ની, માતા અને ફોઈ ગાડીમાં બેઠા હતા, સફારી ગાડીમાં પાછળ બેઠેલા યુવકના માતા ઉર્મીલાબેન પાસે એક શખ્સ આવ્યો હતો અને નીચે તમારા રૂપીયા પડી ગયા છે. ત્યારબાદ બીજો ગઠીયો આવ્યો હતો અને પૈસા પડી ગયાનું કહ્યું હતું. જેથી મહિલાએ ગાડીનો દરવાજો ખોલી નીચે તરફ જોતા રૂ.૧૦ અને રૂ.૨૦ ની બે ત્રણ નોટો પડી હતી. તે સમયે ગઠીયાઓ પોતાની કરામત કરીને પર્સની ઉઠાંતરી કરી ગયા હતા. ત્યારબાદ નવી વહુએ સાસુ પાસે પર્સ માગતા પર્સ ગુમ થઈ ગયાનું ધ્યાને આવ્યું હતું. જો કે પરિવાર ધાર્મિક વિધી માટે પાટણ ગયો હતો ત્યારબાદ સુરત પરત ફર્યો હતો. ઘટનાના ૨૧ દિવસ બાદ યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પીએસઆઈ પી.એન.પઢીયાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# છેલ્લા એક વર્ષથી મારામારીના ગુનામાં નાસતા ફરતા ૩ શખ્સો ઝડપાયા



ગાંધીનગર, તા.૪

કલોલ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા મારમારીના કેસમાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા ત્રણ આરોપીને ગાંધીનગર એસઓજી ટીમે પકડી પાડ્યા છે. એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન આરોપીઓ પેથાપુર ચાર રસ્તા પાસે હોવાની બાતમી મળી હતી. જેને પગલે એસઓજી પોલીસે કલોલના ખોરજ ડાભી ખાતે રહેતા વિજય ઉર્ફે કાળો ભુપતસિંહ વાઘેલા, વિરેન્દ્ર રતનસિંહ ડાભી, વિષ્ણુ રણજીતજી ડાભીને ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીની અટકાયત કરીને વધુ કાર્યવાહી માટે કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવ્યા હતા.

# કલ્પતરૂ દ્વારા કર્મચારીને નિવૃત્તિ સમારંભની સાથે પીએફના રૂપિયાની ચૂકવણીનો અભિનંદનીય કાર્યક્રમ





ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સ્થિત કલ્પતરૂ પાવર ટ્રાન્સમશીન લી. કંપનીના પાંચ કર્મચારીઓ મે મહિનામાં વય નિવૃત્ત થયા હતા. એમની નિવૃત્તિનો સમારંભ એક રીતે વિશિષ્ટ બની રહ્યો.

કંપનીના એચઆરના પ્રેસીડેન્ટ એમ.એ. બારૈયાના અથાગ પ્રયાસથી કર્મચારીના નિવૃત્તિના દિવસે જ એના પીએફ, ગ્રેજયુએટી અને અન્ય લેણાં મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સામાન્ય સંજોગોમાં આ નાણાં મેળવતા કર્મચારીને સરકારી કચેરીના ધક્કા ખાવા પડતા હોય છે ત્યારે આગોતરા આયોજન થકી કલ્પતરૂ મેનેજમેન્ટે માત્ર ગાંધીનગર જ નહી પણ અમદાવાદ સહીત અન્ય કંપની સમક્ષ એક ઉમદા ઉદાહરણ મુકયું છે.

કલ્પતરૂના વર્કર હિંમતસિંહ વાઘેલા-૩૦ વર્ષ ઈન્દ્રસિંહ સોલંકી- ૩૫ વર્ષ, પી.પી. સુંદરમ ૨૨ વર્ષ, શ્રીકૃષ્ણ-૨૪ વર્ષ અને ગોવિંદ પટેલ ૩૫ વર્ષની નોકરી બાદ વય નિવૃત્ત થયા હતા. વર્કરને એમ.એ. બારૈયા, પ્રવિણકુમાર તેમજ મહેન્દ્ર પટેલ દ્વારા શાલ, શ્રીફળ, મોમેન્ટો આપી સન્માનિત કરાયા જયારે સ્ટાફ મેમ્બર ગોવિંદ પટેલને નીતિન પટેલ, પ્રફુલ્લ પંડયા, પ્રકાશ રાજન દ્વારા શાલ-મોમેન્ટો અને એમ.એ. બારૈયા દ્વારા શ્રીફળ આપી શુભેચ્છા આપી સન્માનિત કરાયા જયારે પંકજ જયસ્વાલે પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું.

પીએફના રૂપિયા માટે વિજય કાપડણે દ્વારા રિજીયોનલ પીએફ કમિશનર અમદાવાદની હકારાત્મક મદદ સાથે અગાઉથી મહેનત કરી ચેક તૈયાર કરાવ્યો હતો જે એમના જ હસ્તે ગોવિંદ પટેલને આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સાથી કર્મચારીઓ પ્રકાશ રાજન, પ્રફુલ પંડયા, સંજય થોરાત, નીતિન પટેલે એમની સેવાઓ વાગોળી હતી. કાર્યક્રમનું આયોજન રાહુલ કાન્તિ, વિજય કાપડણે, સાત્વિક ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. પીએફ અને અન્ય લેણાં નવૃત્તિ સમયે મળે એ બાબતને કલ્પતરૂના સૌ સ્ટાફ મિત્રોએ, દિલથી વધાવી મેનેજમેન્ટને અભિનંદન આપ્યા હતા.

# સિવિલ કેમ્પસમાં વોટર એટીએમનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વોટર એટીએમનો પ્રારંભ થઈ ગયો છે. દર્દીઓ અને મુલાકાતીઓને સામાન્ય દરે ઠંડુ મીનરલ પાણી સરળતાથી મળી રહે છે. જયારે સિવિલમાં આવતા દર્દીઓને ઠંડા પાણી માટે દુર સુધી લાબા થવું નહી પડે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉનાળાના પ્રારંભે જ દર્દીઓને તેમજ સગાઓને ઠંડુ પાણી સરળતાથી સામાન્ય દરે મળી રહે તે માટે વોટર એટીએમનો પ્લાન્ટ ફીટ કરવામાં આવ્યો હતો. પરંતુ પાણીના કનેકશન અને વીજળીના મીટરને લઈને ગુંચવાડો ઉભો થતા છેલ્લા કેટલાક સમયથી આ વોટર એટીએમ યથાવત સ્થિતિમાં હતું. પરંતુ વોટર એટીએમનો ગુંચવાડો ઉકેલાતા દર્દીઓને કેમ્પસમાં ઠંડુ મીનરલ પાણી મળી રહે છે. જયારે સિવિલ તંત્ર દ્વારા ઠેરઠેર ફીટ કરવામાં આવેલા કુલરો બંધ રહેતા દર્દીઓને તેમજ મુલાકાતીઓને ઠંડા પાણી માટે દુરદુર સુધી જવુ પડતુ હતું. સિવિલમાં માત્ર ગણ્યાગાંઠ્યા જ કુલરો કાર્યરત હોવાથી દર્દીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડતો હતો. ત્યારે વોટર એટીએમ કાર્યરત થતા હવે સિવિલ કેમ્પસમાં આવતા દરેક નાગરીકે હાશકારો અનુભવ્યો છે.

# ગુજરાતની મહિલા ખો-ખો ટીમનો રાષ્ટ્રીય કક્ષાએ રજત ચંદ્રક

ગુજરાતના ખો-ખો ફેડરેશન દ્વારા તાજેતરમાં પુડુચ્ચેરી ખાતે યોજાયેલ ૩૦મા ફેડરેશન કપમાં પુરુષ તથા મહિલા બંને વિભાગમાં ગુજરાતની ટીમોને મોકલવામાં આવી હતી જેમાંથી મહિલા ટીમે સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.



ગુજરાતની મહિલા ખો-ખો ટીમે સેમી ફાઈનલમાં પશ્ચિમ બંગાળને ૬-૭ના સ્કોરથી પરાજય આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો પરંતુ ફાઈનલમાં તે મહારાષ્ટ્રની ટીમ સામે ૧૦-૫ થી હારી જતા સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો. આ ચેમ્પિયનશીપ ફાઈનલ દરમિયાન ગુજરાત ખો-ખો એસોસિએશનના પ્રમુખ મહેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ટૂર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ગુજરાતની ટીમના કોચ સુદિપ ભાસ્કર હતા જયારે મનુ પાટિલ મેનેજર હતા.